# જન્મદિને વધામણી



હરેશ જી જોશી
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



માહી દશરથસિંહ ખેર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીપ્રતિનિધિ શપથ સમારોહ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના પ્રાંગણમાં વિદ્યાર્થી પ્રતિનિધિ શપથગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અતિથિ તરીકે સંયુક્ત પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુનીબેન ઠાકર ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહ અંતર્ગત ટ્રસ્ટી, આચાર્ય તથા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સેસ અને બેજીસ અર્પણ કરવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા અને શાળાના કેપ્ટન તરીકે જૈના શાહની નિયુક્તિ કરવામાં આવી હતી. શિક્ષક જયનાબેન ધનેશાને શાળાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# ઈલેક્ટ્રિક વાહનોને ૪ હજાર કરોડની સબસિડી મળી શકે

ગાંધીનગર, તા. ૭

નાણાં મંત્રાલય ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનોને પ્રોત્સાહિત કરવા માટે ફેમ ઈન્ડિયાના બીજા તબક્કા માટે રૂ. ૪ હજાર કરોડની સબસિડીને મંજૂરી આપી શકે છે. હાલ ફેમ ઈન્ડિયા-૧ હેઠળ પ્રોત્સાહન હાઈબ્રિડ અને ઈલેક્ટ્રોનિક વાહનો, દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનોની ખરીદી માટે આપવામાં આવે છે. યોજના હેઠળ ટેકનોલોજીના આધારે બેટરી સંચાલિત સ્કૂટર અને બાઈક માટે પણ રૂ.૧૮૦૦થી લઈને રૂ.૨૯ હજાર વચ્ચેનું ઈન્સેન્ટિવ માટે પાત્ર છે, જ્યારે ત્રિચક્રી વાહનોમાં ૩૩૦૦થી ૬૧,૦૦૦ વચ્ચે ઈન્સેન્ટિવ મળે છે.

# સરકારી વિનયન કૉલેજમાં ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ

ગાંધીનગર, તા. ૭

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ફીનીશીંગ સ્કુલ પ્રકલ્પ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલુ. જેમાં ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમમાં લાઈફસ્કીલ્સ જેમાં SWOT એનાલીસીસ, આત્મવિશ્વાસ, ટીમવર્ક, સ્ટ્રેસ મેનજમેન્ટ વિષે અરુપ સિંહાએ અને એમ્પ્લોયબીલીટી સ્કીલ્સ જેમાં રિસ્યુમ રાઈટીંગ, બોડી લેંગવેજ, ઈન્ટરવ્યું સ્કીલ્સ, લીડરશીપ સ્કીલ્સ, જેવા વિષયોમાં દિશાબેન પોપટે વિદ્યાર્થીને તાલીમ આપી હતી. કોલેજના આચાર્ય ડૉ. હિમ્મત ભાલોડીયા કો-ઓર્ડીનેટરશ્રી એન.જે.ગઢવી પ્રા. ચારુબેન અધ્વર્યુ અને ડૉ. કે. જે. ઝાલા અને અન્ય કોલેજ અધ્યાપક દ્વારા સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



# ગાંધીનગરનું ગૌરવ : સચિન આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૅડલ



ગાંધીનગર, તા. ૭

યુનાઈટેડ કિંગ્ડમના ન્યૂ કાસલ ખાતે યોજાયેલ કોમનવેલ્થ કેડેટ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં ફોઈનલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતનારી ભારતીય ટીમમાં ગુજરાતનો સચિન પટણી પણ સામેલ હતો. સચિન અન્ડર-૧૭ વયજૂથમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ગુજરાતનો પ્રથમ ખેલાડી છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મૅડલ મેળવી પોતાની સિદ્ધિમાં ઉમેરો કરી તેણે રાજ્ય અને દેશને પણ ગૌરવ અપાવ્યું છ.

સચિન સ્પોટ્‌ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત ફેન્સિંગ એકેડેમી, નડિયાદ ખાતે તાલીમ મેળવી રહ્યો છે. ભરૂચની દૃષ્ટિ પટેલ જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે રાજ્ય સરકારના રમતગમત વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા શરૂ કરવામાં આવેલ જિલ્લા કક્ષાની સ્પોટ્‌ર્સ સ્કૂલમાં તાલીમ મેળવી રહી છે. આ બંને ખેલાડીઓએ એમેચ્યોર ફેન્સિંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટ દ્વારા આયોજિત રાજ્યકક્ષાની અન્ડર-૧૭ વયજૂથની સ્પર્ધામાં મેડલ મેળવી ગુજરાતની ટીમમાં સ્થાન મેળવ્યું હતું. એ પછી ગ્વાલિયર ખાતે આયોજિત નેશનલ ચેમ્પિયનશીપમાં સચિને છઠ્ઠું અને દૃષ્ટિ પટેલે આઠમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ બંને ખેલાડીઓને ઔરંગાબાદ ખાતે બોલાવવામાં આવ્યા હતા, જ્યાં સચિનની પસંદગી યુકે ખાતે આયોજિત કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં ભાગ લેનારી ભારતીય ટીમ માટે થઈ હતી.

સૅક્ટર-૫ એ ખાતે રહેતા સચિનના પિતા મનોજભાઈ પટણી લગ્ન માટે સાફા બનાવે છે અને બાકીના સમયમાં પત્ની રેખાબેન સાથે શાકભાજી વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે. સચિને ધોરણ-૭થી તેના પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫, ગાંધીનગર ખાતેના અભ્યાસ દરમિયાન ફેન્સિંગ કોચ ભરતજી ઠાકોર પાસે ફેન્સિંગ રમતની તાલીમ મેળવવાની શરૂઆત કરી હતી અને તેમના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી સ્પોટ્‌ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત લીંબડી ખાતેના જિલ્લા કક્ષાના સ્પોટ્‌ર્સ સંકુલમાં ૨૦૧૫માં પ્રવેશ મેળવ્યો હતો અને જૂન ૨૦૧૭થી સ્પોટ્‌ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત નડિયાદ ખાતેની ફેન્સિંગ એકેડેમીમાં તાલીમ મેળવી રહ્યો છે.

સચિનને રમતપ્રેમીઓ, એમેચ્યોર ફેન્સિંગ એસો.ના પ્રમુખ મનીષકુમાર સોલંકી અને મંત્રી ભરતજી ઠાકોર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ‘ગમે તે ગઝલ’ ગૃપનો વાર્ષિકોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૭

ગમે તે ગઝલ વૉટ્સઍપ ગૃપનો ચોથો સ્થાપના દિવસ ગીત-ગઝલ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. કવિ ડૉ. મુકેશ જોશી આ ગૃપનું સંચાલન કરે છે અને અહીં માત્ર ગુજરાતી ગઝલ અને સાહિત્યની જ વાત થાય છે.

‘વ્યસનમુક્તિ’ થીમ સાથે આયોજિત આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય નશાબંધી કમિશનર સુનીલકુમાર, સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, ભૂપતસિંહ ચાવડા, અનિલા શાહ અને ડૉ. મુકેશ જોશીના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષતા એ હતી કે દરેક કવિએ ત્રણ રચના પ્રસ્તુત કરી હતી, જે પૈકી એક રચના વ્યસનમુક્તિ અંગેની હતી.

આ ઉજવણી માટે ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત, પાલનપુરથી પણ કવિઓ આવ્યા હતા. ફાલ્ગુની સિમ્પી રાજન મહેતા, તુષાર વૈષ્ણવ, પંકજ ગાંધી, અનિલા શાહ, નાઝનીન પઠાણ, ડૉ. ધૈવત શુક્લ, કલ્પેશ ભટ્ટ, મેહુલ ભટ્ટ, કમલેશ શુક્લ, ડૉ. હિતેષ પટેલ, ડૉ. સેસીલ પરમાર, સચિન સિમ્પી, મહેબૂબખાન વગેરેએ પોતાની રચનાઓ કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેન્દ્ર શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉજવણીને સફળ બનાવવા સુનીલકુમાર, ગુંજન વાળાએ જહેમત ઉઠાવી હતી.

# ડીપીઍસના વિદ્યાર્થીઓની ફિલ્ડ ટ્રીપ



દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ વિધાનસભાની મુલાકાત લીધી હતી. ભારતની ભાવિ પેઢી એવા વિદ્યાર્થીઓને બંધારણનાં વિવિધ પાસાઓનું વ્યાવહારિક જ્ઞાન મળી રહે તે હેતુથી શાળા દ્વારા આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ વિધાનસભામાં થતી વિવિધ કાર્યપધ્ધતિનું વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન આપ્યું હતું. ઉપરાંત સ્કૂલના ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ ‘હેવમોર’ આઈસક્રીમ ફૅક્ટરીની મુલાકાત લીધી હતી અને તે અંગે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી.



શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર વર્લ્ડ પીસ સેન્ટર, ઘોડાસર ખાતે આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની આજ્ઞા અન્વયે મહંત સદ્‌ગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામી, સંતમંડળ, અમદાવાદ શહેરનાં મેટર બીજલબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અમુલભાઈ ભટ્ટ તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૧૧૧૧ વૃક્ષોનું આરોપણ ત્રણ વર્ષની સારસંભાળની ખાતરી સાથે કરવામાં આવ્યું હતું.



મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે મંગળવારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે શાળાનાં પૂર્વ વિદ્યાર્થી રેખા ડામોર દ્વારા વિદ્યાર્થિનીઓને શિક્ષણના મહત્ત્વ અને ઉપયોગ વિશે વિગતે સમજ આપી હતી.

# ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ પ્લેસમૅન્ટમાં પુનઃ અવ્વલ

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમૅન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે કૅમ્પસ પ્લેસમૅન્ટ આપવામાં છેલ્લાં વીસ વર્ષથી મોખરે છે. સંસ્થાએ તેના તમામ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે અગ્રણી કોર્પોરેટ કંપનીઝમાં કામ કરવાની તક પૂરી પાડી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના વિદ્યાર્થીઓને સો ટકા પ્લેસમેન્ટ સહાય મળી છે અને અનેક વિદ્યાર્થીઓ બહુરાષ્ટ્રીય કંપનીઝમાં સ્થાન પામ્યા છે. ગોદરેજ ઍન્ડ બોય્ઝ, કોલગેટ પામોલીવ, ટૉરેન્ટ પાવર, બર્જર પેઈન્ટ્સ, રિલાયન્સ જીઓ ઈન્ફોકોમ લિમિટેડ, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ જેવી અનેક નામી કંપનીઝમાં સ્થાન પામી વિદ્યાર્થીઓ આજે ન માત્ર દેશમાં, પરંતુ દુનિયામાં સંસ્થાનું નામ રોશન કરી રહ્યા છે.

# મારી સફળતામાં નાટકનો બહુ મોટો ફાળો છે

ગાંધીનગર, તા. ૭

‘મારી સફળતામાં નાટકનો બહુ મોટો ફાળો છે. હું જેમ જેમ નાટકનાં વિવિધ પાત્રોને ભજવતો ગયો તેમ તેમ એમના ગુણો પણ મારામાં આવતા ગયા. મને માણસ તરીકે ટકાવી રાખવામાં નાટક અને સાહિત્યનો બહુ મોટો ફાળો છે... નાટક આપણને સૌને આવડે છે પરંતુ આપણે સૌ તેને ભજવી શકતા નથી. કારણ એ જ છે કે આપણે આપણી જાતને એ માટે તૈયાર કરી નથી. વાત કહેવાની આવડતને ઘૂંટીને જે કલા બહાર લવાય છે તે નાટક છે.’

ગાંધીનગરના રહેવાસી અને અહીં જ વિદ્યાર્થીકાળ માણી ચૂકેલા હાલ દૂરદર્શન, અમદાવાદના આસી. ડિરેક્ટર ઉત્સવ પરમારે શ્રી પી કે ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજ અને સંસ્કૃતિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કૉલેજમાં આયોજિત નાટ્ય તાલીમ શિબિરના બીજા દિવસે શિબિરાર્થીઓ સાથે વાત કરતાં આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.



કૉલેજની વિદ્યાર્થિનીઓ સાથે વિદ્યાર્થી બનીને વાત કરતાં ઉત્સવ પરમારે ‘કૉલેજના વિદ્યાર્થી તરીકે નાટકનું નિર્માણ અને લેખન કેવી રીતે કરશો ?’ વિષયે નાટ્ય નિર્માણ, લેખન અને મંચન વિશેની ઝીણી વિગતો માંડીને કરી હતી અને વિદ્યાર્થિનીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ પાઠવ્યા હતા. બહુ સ્વાભાવિકતાથી બોલતા આ વક્તાનું વક્તવ્ય વિદ્યાર્થિનીઓને સ્પર્શી ગયું હતું.

એ પછી શિબિરના નિત્યક્રમ મુજબ કુંતલ નિમાવત દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રાયોગિક નાટક કરાવીને નાટકની સાવ નવી જ ભજવણી અંગે વિગતે સમજ આપવામાં આવી હતી. શિબિરના બીજા દિવસના પ્રારંભે સ્વાગત પ્રવચન ડૉ. લીના સ્વાદિયા દ્વારા અને વક્તાનો પરિચયવિધિ તથા શિબિર સંચાલન સંસ્કૃતિ સંસ્થાના મંત્રી મનોજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર દર્શન પ્રૉ. મુન્નાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરના ત્રીજા દિવસે બુધવારે અખ્તર સૈયદ દ્વારા ‘નાટકનું દિગ્દર્શન એટલે શું ? તેની જવાબદારીઓ અને ચિંતાઓ’ વિશે વક્તવ્ય આપવામાં આવશે.

## ઉત્સવ પરમારના વક્તવ્યમાંથી...

- દરેક વ્યક્તિ ઉમદા કલાકાર છે.
- સ્કૂલ એ જીવનની સૌથી મોટી પાઠશાળા છે.
- નાટક એ સમૂહભોગ્ય કલા છે.
- લખવા માટે પ્રથમ શરત એ છે કે નવરા રહેવું.
- રોજ-બ-રોજની ખુશીઓને માણતી વખતે તમે સોશિયલ મીડિયામાં તમારું સ્ટેટસ અપ-ડેટ કરો છો ત્યારે તમે આસપાસની દુનિયા, આસપાસનું જીવન જોવાનું ચૂકી જાઓ છો.
- દુનિયા જોશો, જાણશો તો વાત બનશે, નાટક બનશે.
- નાટ્ય લેખન માટે ભાષા અને પાત્રો અગત્યનાં છે.
- માનવીને માનવીની વેદના-સંવેદના નાટક બહુ સારી રીતે સમજાવી શકે છે.
- નાટક માણસને તેના મૂળ સાથે જોડી રાખે છે.
- માત્ર નાટકમાં જ નહીં, જિંદગીમાં પણ સફળ થવું હોય તો શબ્દોની પ્રયોગશાળામાં રોજ જાતને મૂકતા રહેજો.

# ટૂંક સમયમાં આવી રહી છે ગુજરાતી ફિલ્મ : ‘શું થયું ?’

ગાંધીનગર, તા. ૭

ઍમ ડી મીડિયા કોર્પ અને બેલવેડર ફિલ્મની આગામી ગુજરાતી ફિલ્મમાં એક સનાતન અને વારંવાર પૂછાતા પ્રશ્ન ‘શું થયું ?’ અંગે હાસ્યનું હુલ્લડ મચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં ચાર મિત્રોની વાત છે - મનન, ચિરાગ, નીલ અને વિરલ. આ પૈકી મનન દિપાલી સાથે લગ્ન કરવાનો છે, પણ તે ક્રિકેટ રમવા જાય છે ત્યાં માથામાં વાગતાં તે સ્મૃતિવિહિન બની જાય છે. તે દિપાલીને ભૂલી જાય છે અને આ વાત ફક્ત મિત્રો જ જાણે છે. ત્યારે શું મનનનાં લગ્ન દિપાલી સાથે થશે ? શું મનનની સ્મૃતિઓ પાછી આવશે ? આપણા જીવનમાં પણ આવા અનેક સમયે આપણે પણ બોલતા જ હોઈએ છીએ કે શું થયું?

ફિલ્મમાં છેલ્લો દિવસ ફિલ્મની ટીમ ફરી એકવાર ચમકી રહી છે. મલ્હાર ઠક્કર, યશ સોની, કિંજલ રાજપ્રિયા, મિત્ર ગઢવી અને આર્જવ ત્રિવેદી જેવા જાણીતા કલાકારો આ ફિલ્મ માટે પોતાનો અભિનય આપી રહ્યા છે.

ફિલ્મનું નિર્માણ મહેશ દાનન્વર અને વૈશલ શાહે કર્યું છે. લેખક-દિગ્દર્શકની ભૂમિકા કૃષ્ણ દેવ યાજ્ઞિકે ભજવી છે. ફિલ્મમાં ત્રણ ગીતો છે, જે ભાર્ગવ પુરોહિતે લખ્યા છે. કેદાર ભાર્ગવના સંગીતમાં કીર્તિદાન ગઢવી, જીગરદાન ગઢવી, ભૂમિકશાહ અને શ્રધ્ધા મહેતાનો સ્વર મળ્યો છે. ફિલ્મનું શૂટિંગ અમદાવાદમાં જ થયું છે. કેમેરામેન પ્રશાંત ગોહિલે એક નવા જ અમદાવાદને પડદે ઉતાર્યું છે.